# Royal Higher Secondary School - Dhoraji

**Std :-12th** **Round 50 %** **Date : 30-12-2024**
**Time :-3 hour** **Sub :Gujarati** **Marks :- 100**

## વિભાગ – A (પદ્ય આધારિત)

**○ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધીને લખો.** **[03]**

(1) બાની આંખો રોજ કોની રાહ જુએ છે ?
(A) પુત્રની (B) ટપાલીની (C) દીકરીની (D) દાદાની

(2) કોના દિલમાં દયા જાગી ?
(A) ઓલિયાના (B) કવિના (C) લોકોના (D) અબળાના

(3) કવિ ............ ને અબુધ બાળક સાથે સરખાવે છે.
(A) નગર (B) પવન (C) આયના (D) ગામ

**○ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ હેતુલક્ષી ઉત્તર લખો.** **[03]**

(4) 'જુઓ'કાવ્યના કવિનું નામ જણાવો.
(5) 'પથ્થર થરથર ધ્રૂજે' કાવ્યનો પ્રકાર જણાવો.
(6) 'ભાણી'કાવ્ય કવિના કયાં કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

**○ નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** **[04]**

(7) નગરને અબુધ શા માટે કહ્યું છે ?
(8) ભાણીએ કપડાં ધોવાનો કયો સમય પસંદ કર્યો છે ?
(9) બાના જીવતરની છત પરથી શું ખરે છે ?
(10) ગામની ભાગોળે લોકો શા માટે એકઠાં થયાં હતાં ?

**○ નીચે આપેલા પ્રશ્નોના ત્રણ–ચાર વાકયમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **[06]**

(11) ઓલિયાએ ગ્રામજનોને શું કહ્યું ? તેનું શું પરિણામ આવ્યું ?
(12) કાળરૂપી કુહાડીએ કેવી પરિસ્થિતિ સર્જી દીધી છે ?
(13) 'વસ્તર વિનાની ...... કેમ મો લાતું' આ પંક્તિ પાછળનો કટાક્ષ સ્પષ્ટ કરો.
(14) 'જૂઓ'ગઝલના છેલ્લા શેરમાં સંબંધોની ક્ષણભંગુરતા શી રીતે આલેખાઈ છે ?

**○ આપેલ પ્રશ્નનો સવિસ્તારઉત્તર લખો.** **[04]**

(15) 'પથ્થર થરથર ધ્રૂજે' કાવ્યનું શીર્ષક ચર્ચો.

**અથવા**

(15) 'બાનો વર્તમાન' અને 'બાનો ભૂતકાળ' કવિતાને આધારે સમજાવો.

## વિભાગ – B(ગદ્યઆધારિત)

**○ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધીને લખો.** **[03]**

(16) લંડનમાં ગોળમેજી પરિષદ કોણે બોલાવી હતી ?
(A) ગાંધીજીએ (B) આંબેડકરે
(C) બ્રિટિશ મુત્સદીઓએ (D) સયાજીરાવે

(17) યુવાન વકીલની દષ્ટિ શાથી બદલાઈ ગઈ ?
(A) પુસ્તકોના વાચનથી (B) ખેતરો,નદીઓ જોવાથી
(C) ભૌતિક ભોગવિલાસથી (D) એકાંત સેવનથી

(18) તથાગતે સૌથી પહેલાં કોને દીક્ષા આપી ?
(A) ભદ્રિકને (B) અનુરુદ્ધને (C) ઉપાલિને (D) મહાનામને

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.** **[03]**

(19) 'છેલ્લું દર્શન'કાવ્યના કવિનું નામ લખો.
(20) 'આંસુભીનો ઉજાસ'પાઠનો સાહિત્યપ્રકાર જણાવો.
(21) 'ઈશ્વર સર્વવ્યાપી' પાઠ શેમાંથી લેવામાં આવ્યો છે ?

- **નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** **[04]**

(22) પરમેશ્વરના જ્ઞાનથી શું કેળવી શકાય છે ?
(23) ડો. બાબાસાહેબના જીવનની તત્વત્રયી કઈ છે ?
(24) ગાંધીગ્રામમાં પ્રવેશતાં જ નાયકને શો પ્રશ્ન થયો ?
(25) 'છેલ્લું દર્શન'કાવ્યનો મુખ્ય સૂર કયો છે ?

- **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ–ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **[06]**

(26) મોટા હોલમાં પ્રવેશતાં નાયકને કયું દશ્ય જોવા મળ્યું ?
(27) અમરાવતીના ભાષણમાં બાબાસાહેબે કઈ વેદના વ્યકત કરી ?
(28) યુવાન વકીલે શો અભિપ્રાય આપ્યો ?
(29) એકબીજાથી કોને કોને છૂટા પાડી શકાય નહિ ? શા માટે ?

- **આપેલ પ્રશ્નનો સવિસ્તારઉત્તર લખો.** **[04]**

(30) વસુધામાં કેળવણી પામેલ યુવાનોએ કેવાં કેવાં કાર્યો કરવાનાં છે ?

**અથવા**

(30) 'શરત' વાર્તાના શીર્ષકની યથાર્થતા ચર્ચો

## <u>વિભાગ – C (વ્યાકરણ આધારિત)</u>

- **નીચેના સમાનાર્થી શબ્દોને સામ–સામે જોડીને લખો. (કોઈ પણ ચાર)** **[02]**

| | | | |
|---|---|---|---|
| (31) | કર્તવ્ય | – પ્રકૃતિ | – ડર |
| (32) | હાટ | – ધર્મ | – વિલાપ |
| (33) | તાસીર | – રુદન | – ફરજ |
| (34) | ભીતિ | – દુકાન | – સ્વભાવ |
| (35) | આક્રંદ | – બીક | – પેઢી |

- **નીચે આપેલા વાકયોમાંના રેખાંકિતશબ્દોના સ્થાને તેનો વિરુધાર્થી શબ્દ લખી, વાકયનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. (કોઈ પણ ચાર)** **[02]**

(36) મિસ પંકજમ્‌નો <u>હું</u> <u>મહેમાન</u> <u>છું</u>.
(37) આ વિભાગ <u>નૈસર્ગિક</u> અને અફર છે.
(38) અમે ત્રણે ઘોડેસવારેની <u>આવડતવાળા</u> હતા.
(39) અનુરુદ્ધે <u>રાજીપો</u> બતાવ્યો
(40) સૌંદર્યનું એ <u>છેલ્લું</u> દર્શન છે.

- **શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (કોઈ પણ ચાર)** **[02]**

(41) નીલા રંગનો મણિ
(42) વડની ડાળ પર ફૂટેલ કૂણું મૂળિયું
(43) ભૂમિને ધારણ કરનાર
(44) આનંદ સાથે લેવાતું ભોજન
(45) ઘડિયાળની શોધ પહેલાં વપરાતું સમય માપવાનું સાધન

- **નીચેના તળપદા શબ્દોના શિષ્ટ ભાષાના માન્ય અર્થ લખો.** **[01]**

(46) ડાંફ (47) બાયડી

- **નીચેના શબ્દની સાચી જોડણી લખો. (કોઈ પણ બે)** **[01]**

(48) નીરીક્ષણ (49) દિકરો (50) સોચીત

- **નીચેના પ્રશ્નોના ઉત્તર કૌસમાં દર્શાવેલ સૂચના મુજબ લખો. (કોઈ પણ છ)** **[03]**

(51) બ્રિટિશ પ્રતિનિધિઓ એકબીજાનાં મોં જોવા લાગ્યા. (યોગ્ય વિશેષણ શોધીને લખો.)

(52) સમાજની પ્રગતિ માટે મેં ………….. યોજનાઓ બનાવી છે. (ખાલી જગ્યામાં યોગ્ય વિશેષણ લખો.)

(53) જરા જોઈએ તો ખરાં કે કેવું કામ આપે છે! (યોગ્ય નિપાત શોધીને લખો.)

(54) વસ્તુ ખૂબ ……….. સસ્તી છે,………… રૂપિયા પચાસની. (ખાલી જગ્યામાં નિપાત લખો.)

(55) મને ગુજરાતીમાં બોલતાં સાંભળીને તમને નવાઈ લાગી હશે. (વાક્યમાંથી કૃદંત શોધીને લખો.)

(56) એ પદાર્થોની અંદર ………… જે એમને ચલાવે છે એ 'પરમેશ્વર'. (ખાલી જગ્યામાં યોગ્ય કૃદંત લખો.)

(57) બળદનાં પૂંછડાં આમળવાની જ અભિલાષા સેવે છે. (વાક્યમાં આપેલ કૃદંત નો પ્રકાર લખો.)

- **રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો. (કોઈ પણ બે)** **[02]**

(58) ઉલાળધરાળ ન હોવું (59) પડખું સેવવું (60) સોપો પડી જવો

- **નીચેનાં વાક્યોમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમણે ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ)** **[03]**

(61) એમાં સમ તા અને બંધુ તાનું ખાતરનું દરદ હતું. (વાક્ય લેખનરૂઢિની દષ્ટિએ સુધારીને કરી લખો.)

(62) 5મી પેઢીને જોવાની વાસના ડોશીને હતી. (વાક્ય ભાષાશુદ્ધિ ની દષ્ટિએ સુધારીને ફરી લખો.)

(63) તે ખાટલો સૂતો હતો ફળિયામાં નાનકડો ઢાળી ચાલીના (વાક્ય પદક્રમ અને પદસંવાદની દષ્ટિએ ગોઠવીને કરી લખો.)

(64) વેરીઓમાંથી મૂળ રહી ગયાં હોય એમ તમને લાગ્યાં કરે છે? (પ્રત્યય સુધારીને વાક્ય ફરીથી લખો.)

- **નીચેનાં સંયુકત કે સંકુલ વાક્યોને સાદા વાક્યમાં ફેરવીને લખો. (કોઈ પણ બે)** **[02]**

(65) મેં મારી સગી આંખે જોયેલું છે કે બિરંજ કડાઈમાંથી ઉત્પન્ન થાય છે.

(66) ગળે સોપારી જેવો ગોળ ડુચો ભરાયો ને આંખ ભીની થઈ ગઈ.

(67) શ્વેતકેતુએ પાણીમાં હાથ ફેરવ્યો પણ એ ગાંગડો બિલકુલ જણાયો નહિ.

- **નીચેનાં સાદાં વાક્યોને સંયુકત કે સંકુલ વાક્યમાં ફેરવી લખો. (કોઈ પણ બે)** **[02]**

(68) આપણા ભાગ્યમાં હતો પાછો આવી પુગ્યોને?

(69) બીજે દિવસે સવારે પહેરેગીર આવ્યો. તેણે સમાચાર આપ્યા. કેદી (વકીલ) ભાગી છૂટ્યો છે.

(70) ભીમસેન અને તારામાં અઢળક બળ છે એ હું જાણું છું. મારી બુદ્ધિમાં શંકા લાવવાનો તમને અધિકાર નથી.

## વિભાગ – D અર્થગ્રહણ

- **નીચેનું કાવ્ય વાંચી આપેલ પ્રશ્નોના ઉત્તર એક બે વાકયમાં લખો.** **[05]**

બેઠી ખાટે, ફરી વળી બધે મેડીઓ ઓરડામાં,
દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં;
માડી મીઠી સ્મિત-મધુર ને ભવ્યમૂર્તિ પિતાજી,
દાદી વાંકી રસિક કરતી વાતથી બાળ રાજી;
સૂનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું બોલ જૂના,
આચારો કૈ વિવિધ ઢબના નેત્ર ઠારે સહુના;
ભાંડુ નાનાં, શિશુ-સમયના ભાવના-સોબતીઓ,
જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય, જાણે પરીઓ.
તોયે એ સૌ સ્મૃતિછબી વિષે વ્યાપી લે ચક્ષુ ઘેરી,
નાની મોટી બહુરૂપી થતી એક મૂર્તિ અનેરી:

ચોરીથી આ ઘડી સુધી મહીં એવી જામી કલેજે !
કે કૌમારે પણ મુજ સરે બાલવશે સહેજે,
બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી,
ત્યારે જાણી અનહદ ગતિ, નાથ મારા, તમારી.

(71) ખાટે કોણ બેઠું છે?

(72) યુવતીને કોનું કોનું સ્મરણ થાય છે?

(73) યુવતીએ પરીઓની સાથે કોની સરખામણી કરી છે?

(74) યુવતીને બહુરૂપી વેશે કોની અનેરી મૂર્તિ દેખાય છે?

(75) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

- **નીચેના ગદ્યખંડને વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર એક બે વાકયમાં લખો.** **[05]**

પ્રજાજીવનમાં કોઈ સંસ્થાને આધીન ગુણલક્ષી નેતૃત્વની આવશ્યકતા છે કેમ કે સંસ્થાની મર્યાદાનું બંધન હોય તો તેનું તેજસ્વી વ્યક્તિત્વ કલ્યાણકારી બને. મહાન શક્તિશાળી નેતાએ પણ પોતાની મર્યાદાથી સભાન રહેવું જોઈએ અને વ્યક્તિવાદને સમર્થન ન આપવું જોઈએ. અનુયાયીઓએ પણ કેવળ અંધશ્રદ્ધા કે વ્યક્તિપૂજાથી પોતાના નેતાને પૂર્ણાતિપૂર્ણ માની લેવાની ભૂલ ન કરવી જોઈએ. કેમ કે સમર્થમાં સમર્થ વ્યક્તિ પણ કોઈ ને કોઈ ક્ષેત્રમાં પામર હોય છે. પ્રજાજીવનમાં ગુણહીન વંશલક્ષી મહાનતાને દેશવટો આપી, ગુણલક્ષી મહત્તા સ્થાપિત કરવી એ જ પાયાનું કામ છે. -સ્વામી સચ્ચિદાનંદજી

(76) પ્રજાજીવનમાં શેની આવશ્યકતા છે?

(77) કોણે પોતાની મર્યાદાથી સભાન રહેવું જોઈએ?

(78) કોણ પામર હોય છે?

(79) લેખકના મતે કયું પાયાનું કામ છે?

(80) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

- **નીચેના ગદ્યખંડનું ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[05]**

(81) આપણે મોટા પુરુષોના જીવનમાં જોઈશું તો જણાશે કે એમને દુઃખ પહોંચાડવામાં કાંઈ જ બાકી નથી. ઈસુ, સૉક્રેટિસ, નરસિંહ, મીરાં, કબીર બધાંને અનેક કસોટીઓમાંથી પસાર થવું પડયું હતું. નરસિંહ મહેતાને આખી જિંદગી ખાવાનાં સાંસાં હતાં અને સમાજનાં મહેણાં-ટોણાં એણે કેટલાં સાંભળ્યાં છે? પણ આજે ગુજરાતમાં એનાં ભજનો ઘેરઘેર ભક્તિભાવથી ગવાય છે. સમાજસેવકને મન આવી તાવણીમાંથી પસાર થવું હંમેશાં સુખરૂપ જ હોય છે. આવા અનુભવથી તે ઘડાય છે , પાકો થાય છે. તેના મનહૃદય પુષ્ટ બને છે. એ ધ્યાન રાખવાની બાબત છે કે પ્રતિષ્ઠા કોઈથી આપી શકાતી નથી , એ તો કર્તવ્યપાલનમાંથી સ્વાભાવિક રીતે નીપજનારી વસ્તુ છે. સ્વામી વિવેકાનંદ

- **નીચેના ગદ્યખંડને કાળકથનની રીત પ્રમાણે વિચારવિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો.** **[05]**

(82) એણે નાનકડી બારીની અંદર ડોકિયું કર્યું. કેદીની પીઠ સિવાય કશું દેખાતું ન હતું. ટેબલ પર અને ટેબલની બાજુમાં (પાથરેલી) શેતરંજી પર ખુલ્લાં પુસ્તકો દેખાતાં હતાં. વૃદ્ધ બૅન્કમાલિક વિચારવા લાગ્યો , 'હું જો મારા ધાર્યા પ્રમાણે કરું તો લોકોને સૌપ્રથમ શંકા ચોકીદાર પર પડશે. તે જેલના બારણા પાસે ગયો. કેદીના ઓરડામાં મીણબત્તી સળગતી હતી, કેદી ટેબલ પર બેઠો હતો.

## વિભાગ – E લેખનસજ્જતા

(83) તમારા વિસ્તારમાં સતત ભારે વરસાદને કારણે પૂર અને ગંદકીનું પ્રમાણ વધ્યું છે. આ બાબતની જાણ કરતી અરજી નગરપાલિકાના મુખ્ય અધિકારીને લખો. **[05]**

(84) **નીચેના પાઠયેતર ગદ્યખંડનું વાદાત્મકગદ્યમાં રૂપાંતર કરો.** **[05]**

આજે માતૃભાષાને સ્થાને અંગ્રેજી દ્વારા શિક્ષણ આપવાનું ફેશનરૂપ બનતું જાય છે. સામાન્ય વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી માધ્યમ બેવડી મુશ્કેલી ઊભી કરે છે. એક મુશ્કેલી વિદેશી ભાષા શીખવાની અને બીજી મુશ્કેલી એની મારફત વિષયને સમજવાની. માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય , તો બાળક માટે અભ્યાસ વધુ સરળ અને રસપ્રદ બને. માતૃભાષામાં અપાતા શિક્ષણ સાથે બાળક અંગ્રેજી ભાષા ક્રમશઃ શીખી શકે અને વયસ્ક થતાં સુધીમાં એના પર સારું પ્રભુત્વ પણ મેળવી શકે. માતૃભાષાને જ શિક્ષણનું માધ્યમ બનાવાય અને એ રીતે પ્રાદેશિક ભાષાઓનો પૂરતો વિકાસ સધાય તો શિક્ષણ ઓછું. બોજારૂપ અને ઉપરથી કાર્યસાધક નીવડે.

**અથવા**

(84) **નીચેના આપેલ શબ્દ યાદીનો ઉપયોગ કરી એંશી (80)શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખો.** **[05]**

શબ્દયાદી : પ્રાર્થના - હૃદયનું સ્નાન - હૃદયનો ખોરાક-વાતાવરણ-ભગવાનનું સાનિધ્ય-આત્મીયતા - આત્મપરાયણતા -નવું ચૈતન્ય - મહાન મૂડી-ધીરજ-નવી આશા

(85) **નીચેનામાંથી કોઈ એક વિષય પર આશરે 250શબ્દોમાં નિબંધ લખો.** **[10]**

(1) <u>આધુનિક ભારતના ઘડતરમાં યુવાપેઢીની ભૂમિકા</u>

મુદ્દા : પ્રસ્તાવના - અમર યુવા ક્રાંતિકારીઓ-દેશના નવસર્જનમાં યુવાનોનું પ્રદાન - સાંપ્રત સમસ્યાઓમાં યુવા પેઢીની ભૂમિકા-ઉપસંહાર

**અથવા**

(2) <u>કુદરતનાં હાસ્ય અને તાંડવ</u>

મુદ્દા : પ્રસ્તાવના - કુદરતનાં રમણીય રૂપો-કુદરતના ભયાનક સ્વરૂપો - ઉપસંહાર

**અથવા**

(3) <u>સ્વચ્છતા : એક આદર્શ</u>

મુદ્દા: પ્રસ્તાવના - શરીરની સ્વચ્છતા – ઘર અને મહોલ્લાની સ્વચ્છતા અંગેના પ્રયત્નો-ગામડા અને શહેરીની સ્થિતિ – ગાંધીજીના સ્વચ્છતા અંગેના પ્રયત્નો-સ્વચ્છતાની જવાબદારી - વિદેશોમાં સ્વચ્છતા - ઉપસંહાર